RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 180* Date: 28.04.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-



**કુળદેવી શ્રી ખંભલાય માતાજી.માંડલ**
**ચૈત્ર સુદ પૂનમના દર્શન**

## આ નેશનલ ઈમરજન્સી, કોર્ટ મૂકપ્રેક્ષક ન રહી શકે :સુપ્રિમ કોર્ટ

*ન્યુ દિલ્હી,તા.૨૭*

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોરોના મહામારીના પ્રબંધન સંબંધિત ઓક્સિજનની અછત અને અન્ય મુદ્દાઓ મામલે સુનાવણી કરી. આ દરમિયાન જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું કે, જ્યારે અમને લાગશે કે લોકોની જિંદગીઓ બચાવવા માટે અમારે હસ્તક્ષેપ કરવો જોઈએ, ત્યારે અમે એવું કરીશું. સુનાવણી દરમિયાન જસ્ટિસ એસ. રવીન્દ્ર ચંદ્રએ પૂછ્યું કે, સંકટનો સામનો કરાવવા માટે આપની રાષ્ટ્રીય યોજના શું છે? શું કોરોના સંકટનો સામનો કરવા માટે વેક્સીનેશન મુખ્ય વિકલ્પ છે?

કોરોના પ્રબંધન પર સ્વતઃ સંજ્ઞાન મામલાની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાષ્ટ્રીય સંકટના સમયે આ કોર્ટ મૂકદર્શક ન રહી શકે. અમારો ઉદ્દેશ્ય છે કે અમે હાઈકોર્ટ્સની મદદની સાથે પોતાની ભૂમિકા અદા કરીએ...હાઈકોર્ટ્સની પણ અગત્યની ભૂમિકા છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, આ સુનાવણીનો ઉદ્દેશ્ય હાઈકોર્ટ્સનું દમન કરવું કે તેમના કામમાં હસ્તક્ષેપ કરવાનો નથી. તેમની ક્ષેત્રીય સીમાઓની અંદર શું થઈ રહ્યું છે, તેઓ તેના વિશે વધુ સારી રીતે સમજ ધરાવે છે.

જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, કેટલાક રાષ્ટ્રીય મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવાની આવશ્યક્તા છે. રાજ્યોની વચ્ચે સમન્વયથી સંબંધિત મુદ્દાઓ હોઈ શકે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સંકટના સમયે સુપ્રીમ કોર્ટ મૂકપ્રેક્ષક ન હોઈ શકે. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, જો ક્ષેત્રીય સીમાઓના કારણે કોઈ મુદ્દાનો સામનો કરવામાં હાઈકોર્ટ્સને કોઈ તકલીફ થાય છે તો અમે મદદ કરીશું.

બીજી તરફ, કેન્દ્ર સરકારનો પક્ષ રજૂ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ઓક્સિજનની અછત અને કોવિડ-૧૯ મહામારીના પ્રબંધન પર કહ્યું કે, અમે સ્થિતિને ખૂબ સાવધાનીથી સંભાળી રહ્યા છીએ. તેઓએ કહ્યું કે હાઈલેવલ કમિટી તેની પર કામ કરી રહી છે અને વડાપ્રધાન પોતે સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૧૪૩૫૨**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૫૨૪૭૨૫**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૧૭૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૭૮૦૩**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૯૦૨૨૯**

### સરકારની કબુલાત, રાજ્યમાં ઈન્જેક્શન, બેડ, એમ્બ્યુલન્સ, ડોક્ટર અને અન્ય સ્ટાફની અછત છેઃ સરકાર

# હાઇકોર્ટે રૂપાણી સરકારને ઝાટકીઃ તૈયારીઓ માત્ર કાગળ ઉપર, વાસ્તવમાં સ્થિતિ ડરામણી છે

**૧૦૮ વગર દર્દીને હોસ્પિટલમાં પ્રવેશ કેમ નથી અપાતો? તેમને મરવા કેમ છોડી દો છો?, આ જર્મની કે લંડન નથી; ઇન્ડિયા છે, અહીં એક દિવસનું જમવાનું જેને ન મળે તેને લોકડાઉન સમજાયઃ કોર્ટ**



*અમદાવાદ,તા.૨૭*

તાત્કાલિક સારવારના દર્દીને ૧૦૮એ પ્રાથમિકતા આપવા મુદ્દે રાજ્ય સરકારે સોગંદનામામાં કોઈ રજૂઆત ના કરતા કોર્ટે ટકોર કરી કે, હજી પણ હોસ્પિટલ બહાર ૪૦ એમ્બ્યુલન્સ ઉભી રહે છે. દર્દીઓને અટેન્ડ કરવા માટે કોઈને ગોઠવો તો ખબર પડે કે દર્દીને કેવી જરૂરીયાત છે. તમે માત્ર લાઈનો જ કરાવો છો. કોઈને ઓક્સિજનની જરૂર ન હોય તો તેને કોવિડ કેર સેન્ટરમાં મોકલો કોઈને ઓક્સિજનની જરૂર હોય તો એને પહેલા ૨ આપો અને ઍની જરૂરિયાત વાળા દર્દીને તાત્કાલિક દાખલ કરો. પરંતુ કંઈક કરો.

અમે આજની પરિસ્થિતિથી ખુશ નથીઃ હાઈકોર્ટ રાજ્યમાં પ્રાઈવેટ હોસ્પિટલ ક્રિટિકલ દર્દીઓને ના પાડે છે કે અમે એડમિટ નહીં કરીએ. પરંતુ એને પ્રાઈમરી ટ્રીટમેન્ટ તો આપો અથવા એને ઈન્જેકશન કે દવા આપો. હોસ્પિટલ દર્દીઓને ના કેમ કહી દે છે. દરેક પ્રાઈવેટ હોસ્પિટલની બહાર બોર્ડ લગાવો કે આટલા બેડ છે આટલા ભરાયા છે અને બાકીના ખાલી છે. જેથી દર્દી રજળી ન પડે બેડ ન હોય તો એ બીજે ઝડપથી જતો રહે. સરકાર આ બાબતે પગલાં લે એ જરૂરી છે. અમે આજની પરિસ્થિતિ અને સરકારની કામગીરીથી ખુશ નથી.

હાઈકોર્ટે સરકારનો ઉધડો લીધો કે હોસ્પિટલ બહાર એબ્યુલન્સમાં કેમ સારવાર આપવી પડે છે? કેમ હોસ્પિટલના ટ્રાયજમાં દર્દી નથી પહોંચતું? સરકાર શું વ્યવસ્થા

કરી રહી છે? ૧૪ દિવસથી હોસ્પિટલ બહાર લાઈનો લાગી છે અત્યારે પણ આ સ્થિતિ છે લોકોને કેમ રોડ ઉપર મરવા છોડી દીધા છે?

જ્યારે શાલીન મહેતાએ કોર્ટમાં રજૂઆત કરી કે, રાજ્યમાં કોરોનાના કેસ વધી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને એકમાત્ર લોકડાઉન જ ઉપાય છે. હું માત્ર એમ જ નથી કહેતો દેશમાં પણ કેટલીક જગ્યાએ લોકડાઉન છે, ગઈકાલે કર્ણાટક સરકારે પણ લોકડાઉન જાહેર કર્યું. જર્મની, લંડન, સિંગાપોર અને ન્યૂઝિલેન્ડમાં પણ આ જ રીતે લોકડાઉનથી કોરોના પર કાબુ મેળવવાના પ્રયત્ન થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં પણ લોકડાઉનને કારણે કેસ સતત ઘટી રહ્યા છે આજે રાજ્યના દરેક નાગરિક પરેશાન છે ત્યારે ૭થી ૮ લોકો ઘરે રહેશે તો આ ચેઈન તૂટશે.

અમે એફિડેવિટ રજૂ કર્યું છે અમે એવું નથી કહેતા કે પરિસ્થિતિ ખૂબ જ સારી છે પરિસ્થિતિ ખરાબ છે રાજ્યમાં અમે પ્રયત્ન કરી રહ્યા છે. રાજ્યમાં ઈન્જેકશન, બેડ, એમ્બ્યુલન્સ, ડોક્ટર અને અન્ય સ્ટાફની અછત છે. અમે તે માટે પ્રયત્ન કરી રહ્યા છે. ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં આવેલ તમામ દર્દીને દાખલ કરીએ છે. લોકો અમદાવાદ બહારથી આવે છે તો પણ દાખલ કરીએ છીએ સમય એટલે લાગે છે કે બીજા દર્દીઓને ડિસ્ચાર્જ કરવાના હોય છે અને બધી ફોર્માલિટીસ હોય છે. અમે તમામ લોકોના સજેશન સ્વીકારવા તૈયાર છીએ. ૧૦૮ પણ દર્દીઓને સારવાર મળે તે માટે પૂરતો પ્રયત્ન કરે છે અમે ૧૫ વાન નવી એડ કરી છે અને કમલ ત્રિવેદીએ જણાવ્યું કે, ઓક્સિજન પ્લાન્ટની પરમિશન કેન્દ્ર સરકાર આપે છે, રાજ્યમાં ૮ પ્લાન્ટ માટે પરમિશન મળી હતી. જેમાં ૧ને બ્લેકલીસ્ટ કર્યું છે. ૭માંથી ૪ પ્લાન્ટ ચાલું થઈ ગયા છે અને બાકીના ૩ પ્લાન્ટ ૩ મે એ ચાલુ થઈ જશે. જીવીઁ કોવિડ હોસ્પિટલ છે એટલે વીજી હોસ્પિટલમાં ૧૫૦ બેડ સિવાય નોન કોવિડ દર્દી સારવાર લઈ રહ્યા છે જરૂર પડશે તો વીજીને ફૂલી કોવિડ હોસ્પિટલ જાહેર કરાશે

અમદાવાદની કેટલીક હોસ્પિટલમાં વીઆઈપી લોકો બેડ રિઝર્વ રાખ્યા છે, એ બાબત ગંભીરતાથી નોંધ લેવી જોઈએ. તમામ લોકોને સરખી સારવાર મળવી જોઈએ. આશા છે આ બાબતે કોર્ટ કઈ વિચારે. આવી પરિસ્થિતીમાં આ વીઆઇપી કલચર હટવું જોઈએઃ પરસી કવિના

આવી પરિસ્થિતિમાં લોકોને હોસ્પિટલમાં બેડ મળતા નથી અને સરકાર નવી હોસ્પિટલમાંના ઉદ્ધાટન કરે છે જેમાં ૩ લેયર સિક્યુરીટી હોય છે હોસ્પિટલના અધિકારીઓ હોય છે અને ભીડ થાય છે. તો આનાથી કઈ રીતે ચેઈન તૂટશે. હજી પણ ૧૨૦૦ બેડની ગાંધીનગરની હોસ્પિટલ બનશે. ત્યારે ગેધરિંગ થશે, ઉદ્ધાટન થશે. એટલે આ બધું બંધ થાય ઉદ્ધટન કર્યા વગર હોસ્પિટલ ચાલું થાય એમાં સૌની ભલાઈ છે. મેં ફોટોઝ જોયા છે જેમાં ડેપ્યુટી સી.એમ બધી જગ્યાએ હતા. હું કોઈ કોમેન્ટ નથી કરતો પણ આવા કાર્યકમમાં સંક્રમણ વધે તેની શકયતા છેઃ એડવોકેટ પરસી કવિના

**૨૯ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ, ૫મે સુધી મોલ, પાર્ક, રેસ્ટોરન્ટ તથા ધાર્મિક સ્થળો બંધ રહેશે**

## શહેરોમાં રૂપાણી સરકારનું 'મિનિ લોકડાઉન', ગામડામાં સ્વયંભૂ લોકડાઉન

*ગાંધીનગર,તા.૨૭*

ગુજરાત કોરોના મહામારીમાં બરાબરનું સપડાયું છે. ચારેબાજુ લોકડાઉનની તીવ્ર માંગ ઉઠી રહી છે. તેમ છતાં સરકાર લોકડાઉન આપી રહી છે. પરંતુ આજે ભારત સરકારના ગૃહ મંત્રાલયની ૨૬ એપ્રિલની માર્ગદર્શિકા સંદર્ભે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૃહ વિભાગ સાથેની બેઠક પછી ધડાધડ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ પદે આજે સવારે મળેલી બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) પંકજકુમાર, પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયા, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. શ્રીમતી જયંતિ રવિ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉ ગુજરાતના જે ૮ મહાનગરો સહિત ૨૦ શહેરોમાં રાત્રિના ૮થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યુ હતો, તે ૨૦ શહેરો ઉપરાંત હિંમતનગર, પાલનપુર, નવસારી, વલસાડ, પોરબંદર, બોટાદ, વિરમગામ, છોટાઉદેપુર અને વેરાવળ-સોમનાથ સહિત કુલ ૨૯ શહેરોમાં રાત્રિના ૮થી સવારના ૬ વાગ્યા સુધી કોરના કરફ્યુ રહેશે. તદઉપરાંત આ ૨૯ શહેરોમાં વધારાના નિયંત્રણો મૂકવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

નોંધનીય છે કે ગુજરાત હાઈકોર્ટે કોરોનાની સ્થિતિને લઈને સુઓમોટો લેતા હાથ ધરેલી સુનાવણીમાં રાજ્યમાં સંક્રમણની ચેઈન તોડવા માટે ૩-૪ દિવસ કર્ફ્યૂ કે લૉકડાઉનનું સરકારને સૂચન કર્યું હતું. આ અંગે કૉર કમિટીની બેઠક બાદ રાત્રે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૬ એપ્રિલે રાજ્યની ૮ મહાનગરપાલિકા સહિત ૨૦ જિલ્લામાં રાત્રે ૮ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂની જાહેરાત કરી હતી.

બેઠક અગાઉ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાનના અગ્ર સચિવ પીકે મિશ્રાએ વીડિયો-કોન્ફરન્સ થકી ચર્ચા કરી હતી. અગાઉ દિવાળીમાં કોરોનાના કેસ વધ્યા બાદ ડિસેમ્બર-જાન્યુઆરીમાં સ્થિતિ સુધરી હતી, પરંતુ રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીમાં રેલીઓના તાયફા અને મેચમાં ભારે ભીડ ભેગી કરાતાં આ દિવસો જોવાનો વારો આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના ગૃહ મંત્રાલયની ૨૬ એપ્રિલની માર્ગદર્શિકા સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૃહ



વિભાગ સાથે આજે તાકીદની બેઠક યોજી હતી. આ બેઠક પછી કોરોનાને કાબૂમાં લેવા ૨૯ શહેરોમાં રાત્રિ કર્ફ્યુ લાદવા સહિતના મહત્વના નિર્ણયો કર્યા. આ ઉપરાંત મોલ-મલ્ટિપ્લેક્સ સહિતના એકમો બંધ રહેશે જ્યાં ભીડ-ભાડ એકત્ર થતી હોય છે. આ સાથે જ ગુજરાતમાં પ્રતિબંધિત એકમોની યાદી ફરીથી મોટી મસ થઈ ગઈ છે જે બરાબર એક વર્ષ પહેલાં એટલે કે મે-૨૦૨૦માં અમલી હતી તેવી જ થઈ ગઈ છે. આમ, ગુજરાત કોરોના મહામારી સામેની લડતમાં બરાબર એક વર્ષ પહેલા જ્યાં હતું ત્યાં જ પાછું પહોંચી ગયું છે.

આ પહેલા ગુજરાત સરકારે ગત ૬ એપ્રિલે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત ઉપરાંત ગાંધીનગર, જૂનાગઢ, જામનગર, ભાવનગર, આણંદ, નડિયાદ, મહેસાણા, મોરબી, પાટણ, ગોધરા, દાહોદ, ભુજ, ગાંધીધામ, ભરૂચ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં રાત્રિ કર્ફ્યૂ લાગુ કર્યો હતો. આ શહેરોમાં કોરોનાની સ્થિતિ અત્યંત વકરી ચૂકી હોવાને કારણે સરકારે આ નિર્ણય લીધો હતો અને ૫ મે સુધી રાત્રિ કર્ફ્યુની જાહેરાત કરી હતી. શહેરી વિસ્તારોમાં લોકોની ભીડ એકઠી થતી રોકવા રાજ્ય સરકારે મિનિ લોકડાઉન જેવા પ્રતિબંધો લાદી દીધા છે. બીજીતરફ રાજ્યના ગામડાઓમાં તો જડબેસલાક લોકડાઉન જેવી પરિસ્થિતિ ચાલુ જ છે અને ત્યાં બહારથી આવતા લોકો પર ચુસ્ત પ્રતિબંધ લદાયો છે. ગામડાઓમાં સ્વયંભૂ જાગૃતિ હવે જોવા લાગી છે અને કામ વિના લોકોને બહાર નિકળવા અને એકઠા થવા પર પ્રતિબંધ મૂકીને પંચાયત દ્વારા તેનો ચુસ્ત અમલ કરાવાઈ રહ્યો છે.

## કોરોનાનું કેપિટલ બન્યું ભારત, સતત છઠ્ઠા દિવસે નોંધાયા ત્રણ લાખથી વધુ કેસ

*ન્યુ દિલ્હી,તા.૨૭*

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩.૧૯ લાખ નવા કેસ નોંધાયા હતા. છેલ્લા ૭ દિવસમાં પ્રથમ વખત નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો. આ દરમિયાન રેકોર્ડ ૨. ૨.૪૮ લાખ દર્દીઓ સાજા પણ થયા હતા. મહામારીની શરૂઆતથી અત્યારસુધીમાં એક દિવસમાં સાજા થનારા લોકોનો આ સૌથી મોટો આંક છે, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૨,૭૬૨ લોકોએ જીવ ગુમાવ્યો.

એક્ટિવ કેસ એટલે કે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં થતા વધારા પર થોડો અંકુશ આવ્યો હોય એવું જણાઈ રહ્યું છે. ગઈકાલે એક્ટિવ કેસમાં ફક્ત ૬૭,૬૬૦નો વધારો જોવાયો હતો. આ છેલ્લા ૧૪ દિવસમાં સૌથી ઓછા છે. આ પહેલાં ૧૨ એપ્રિલના રોજ સારવાર લેતા દર્દીઓની સંખ્યામાં ૬૩,૦૬૫નો વધારો થયો છે.

નવા કેસો બાદ દેશમાં સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૭૬,૩૬,૩૦૭ થઈ ગઈ છે. વળી, ૨૪ કલાકની અંદર કોરોના ૨,૭૭૧ લોકોએ દમ તોડી દીધો છે ત્યારબાદ મોતનો આંકડો ૧,૯૭,૮૯૪ સુધી પહોંચી ગયો છે. ભારતમાં હવે સક્રિય કેસ ૨૮,૮૨,૨૦૪ છે જ્યારે ૧,૪૫,૫૬,૨૦૯ લોકો રિકવર થઈને હોસ્પિટલથી ઘરે જઈ ચૂક્યા છે જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૩૩,૫૯,૯૬૩ લોકોને કોરોનાની રસી મૂકવામાં આવી ચૂકી છે. વળી, ભારતમાં કાલ સુધી કોરોના વાયરસ માટે કુલ ૨૮,૦૯,૭૯,૮૭૭ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે. દેશમાં કોરોના વેક્સીનેશન કાર્યક્રમ તેજીથી ચાલી રહ્યો છે. ભારતમાં માત્ર ૯૯ દિવસોમાં ૧૪ કરોડ લોકોને કોરોના રસી લગાવવામાં આવી ચૂકી છે.

ભારતમાં અત્યારે કોરોનાની બીજી લહેર ચાલી રહી છે. એક્સપર્ટની માનીએ તો આ લહેર આવતા ૧૦૦ દિવસ સુધી ચાલવાની છે અને જ્યાં સુધી ૭૦ ટકા વસ્તીનુ વેક્સીનેશન ન થઈ જાય ત્યાં સુધી કોરોનાની લહેરો લોકોને મુશ્કેલીમાં નાખતી રહેશે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સતત વેક્સીનની રણનીતિ અંગે મોદી સરકાર પર નિશાન સાધી રહ્યા છે. પોતાની લેટેસ્ટ અપડેટમાં તેમણે એક વાર ફરીથી પીએમ મોદી અને તેમની સરકાર પર પ્રહાર કર્યો છે. તેમણે ટ્વિટ કર્યુ છે કે, 'ચર્ચા બહુ થઈ ગઈ. દેશવાસીઓને વેક્સીન મફતમાં મળવી જોઈએ - વાત ખતમ. ના બનાવો ભારતને ભાજપ સિસ્ટમના વિક્ટીમ!'

આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને કહ્યુ કે માનવતાને ખાતર વેક્સીન પર વિપક્ષોએ રાજનીતિ બંધ કરી દેવી જોઈએ. ડૉ. હર્ષવર્ધને કહ્યુ કે કેન્દ્ર સરકાર પોતાની વેક્સીનેશન નીતિ હેઠળ રાજ્યોને ત્રીજા તબક્કામાં ૫૦ ટકા વેક્સીન ડોઝ મફતમાં આપવાની છે. મહામારીના સમયે આ રીતની રાજનીતિ શરમજનક છે.

## તંત્રી સ્થાનેથી...

# મદ્રાસ હાઈકોર્ટનો ઝટકો :ચૂંટણી પંચ સામે કોઈ જાગૃત વીરલો કેસ ઠોકી દે તો....?!?

દેશમાં કોરોના મહામારીએ આમ પ્રજાને બેહદ મુશ્કેલીઓમા મૂકી દીધી છે. કેન્દ્ર સહિત જે તે કોરોના હોટસ્પોટ ૧૧ રાજ્યોની સરકારો આમ પ્રજાને હોસ્પિટલો, રેમડેસિવીર ઇન્જેક્શન,ઓક્સિજન બાબતે હિલોળે ચડાવી દીધી છે.અને આવા કારણે સ્મશાન ગૃહો પર અંતિમ ક્રિયા માટે લાઈનો લાગી છે. છતાં સરકારને આમાંનું કંઈ દેખાતું નહી હોય તેવુ લાગી રહ્યું છે......! જાણે કે આંખ પર આંધળો પાટો....! કોરોના ફેલાવવા માટે આમ પ્રજાને દોષ આપનાર નેતાઓની મદ્રાસ હાઈકોર્ટે બોલતી બંધ કરી દીધી છે.જોકે મોડે મોડે બધી ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આમ પ્રજાની મહેચ્છા અનુસાર તમિલનાડુ મદ્રાસ હાઈકોર્ટે ચૂંટણીપંચને કોરોના માટે જવાબદાર ઠેરવી ચૂંટણી અધિકારીઓ સામે હત્યાનો ગુનો દાખલ થઈ શકે છે તેવું અવલોકનમા કહેતાંજ.... હવામા ઉડતું ચૂંટણીપંચ જમીની સ્તરે ઉતરી આવ્યું અને તાત્કાલિક કોરાના નિયમોનો કડકાઇથી અમલ કરવા માટે આદેશ જાહેર કરી દીધા. જેમાં ચૂંટણીઓ પૂર્ણ થઈ તે રાજ્યોમાં સભા-સરઘસ બંધી તથા જીતેલા ઉમેદવાર એક વ્યક્તિ સાથે સર્ટિફિકેટ લેવા જઈ શકશે તેવો નિયમ જાહેર કરતાં અનેક નેતાઓની બોલતી બંધ થવા સાથે મનની મનમાજ રહી જશે....! કારણ હાઈકોર્ટે જે પ્રકારે ચૂંટણીપંચની ઝાટકી નાખ્યુ છે અને કોરોનાની બીજી લહેર માટે દોષી ઠેરવ્યુ છે તથા હત્યાનો ગુનો દાખલ થવો જોઈએ તેમ નિર્દેશ કર્યો છે.... આ બાબતે ધ્યાનમાં કોરોના નિયમોનું પાલન નથી કરાવરાવ્યું તે બાબતો પકડીને કોઈ જાગૃત નરબંકો-વીરલો હાઇકોર્ટના નિર્દેશાનુસાર કોર્ટમાં કેસ ઠોકી દે તો તેનો રેલો અનેક રાજનેતાઓ,નેતાઓ, ઉમેદવારોના પગ તળે પહોંચી જઈ શકે તેમજ ઘણી રૂપા છૂપી બહાર આવી શકે.....!? પરંતુ હાલમાં તો આ બાબત જો અને તો વચ્ચેજ....!?

દેશના ૧૧ રાજયો કોરોના હોટસ્પોટ બની ગયા છે અને હવે કદાચ તેમાં પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય તો આશ્ચર્ય નહીં હોય.... કારણ ઉત્તરાખંડ રાજ્ય સરકારે કુંભમેળા અનુસંધાને જે રીતે કોરોના નિયમોને ગણકાર્યા નહી....! અને પછીથી સેકડો મહંતો, સાધુ-સંતો સહિતના લોકો કોરોના પોઝિટિવ આવતા ખુદ કેન્દ્ર સરકારને કુંભ મેળો ટુકાવી દેવા વિનંતી કરવી પડે.... ત્યારે મેળામાં દેશભરમાંથી લોકો આવેલા હોય છે જેમાં સૌથી વધુ ઉત્તર પ્રદેશ, બિહારના શ્રધ્ધાળુઓ વધુ પ્રમાણમાં હોય છે..... પરિણામે યુપીમાં કોરોના વિસ્ફોટ થયો... તો કુંભ મેળામાં ભાગ લેનારા કેટલાક કોરોના સ્પ્રેડર બની ગયા હશે....!જે પૈકીના કેટલાક ગુજરાતમાં પણ પહોંચી ગયા છે. દેશના મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ, યુપી, કેરળ તમિલનાડુ, ઉત્તરાખંડ, પંજાબ, રાજસ્થાન, દિલ્હી સહિતનાં રાજ્યોમાં જે તે સરકારે સમરસ કે કોવિડ હોસ્પિટલનો ઉભી કરવા છતાં તમામ હોસ્પિટલો કોરોના દર્દીઓથી ચિક્કાર ભરાઈ ગઈ છે તથા હોસ્પિટલમાં દાખલ થવા દર્દીઓને લાઈનો લાગી છે.બીજી તરફ અનેક હોસ્પિટલોમા ઓક્સિજનની અછત ઉભી થતા સેંકડોને જીવ ગુમાવ્યા છે...રેમડેસિવીર અને દવાની અછત ઊભી થતાં દર્દીઓની હાલત ભગવાન ભરોસે જેવી બની રહી છે....આવા મહામારી ના સમયમાં આઈપીએલ મેચ યોજવા સામે લોકોમાં આક્રોશ વ્યાપી ગયો છે. તેમજ જ્યાં ત્યાં સમરસ કે કોવિડ હોસ્પિટલો ઉભી કરી ઉદ્ઘાટન યોજાયા, ૧૦૮ ની વધુ સેવા વાન મૂકવાના, ઓક્સિજન રોકી સ્વાગત કાર્યક્રમ યોજાયા, અને સ્મશાને લાકડા મોકલવાના યશ મેળવવાના વીડિયો વાયરલ થયેલ તે પણ ત્યારે કે જ્યારે સ્મશાન ગૃહોમા સતત ૨૪ કલાક મૃતદેહોના અંતિમ સંસ્કાર ચાલી રહ્યા છે અને મૃતદેહની અંતિમક્રિયા માટે લાઈનો લાગે છે.આવા સમયમાંજ આ બાબતને ઓસ્ટ્રેલિયાના એક માતબર અખબારે એક કાર્ટૂન દ્વારા વાચા આપી છે જેમાં હાથીના મૃતદેહ પર ઉભા રહીને મુકુટધારી નેતા ભાષણ કરી રહ્યા છે જેને વિશ્વમાં ભારે તરખાટ મચાવી દીધો છે.અને આ બાબતે કેન્દ્ર સરકારે ઓસ્ટ્રેલિયા સરકારને મોદી સરકારની ઇમેજ બચાવવા પત્ર લખ્યો...અને તે પણ મીડિયામાં વાયરલ થઇ જતા કેન્દ્ર સરકાર વધુ ભીંસમાં આવી ગઈ છે....! તો લોકો સોશિયલ મીડિયા પર મોદી સરકારની આકરી ટીકા કરવા લાગ્યા છે... જે પૈકીના બે બાબતે ધુમ મચાવી દીધી છે... પાંચના અભાવે પંચમહાભૂતની પ્રાપ્તિ....ઓક્સિજન, વેન્ટિલેટર, રેમડેસિવીર, હોસ્પિટલ બેડ અને ૧૦૮... તથા બીજી છે આત્મનિર્ભરનો અર્થ હવે સમજાયો.... ઓક્સિજન જાતે લાવો, વેન્ટીલેટર બેડ જાતે મેળવો, ધંધા જાતે બંધ કરો, સ્મશાન જાતે ગોતો...આ બાબત મોટા પ્રમાણમાં વાયરલ થઈ છે..જે ઘણું બધું કહી જાય છે.....!!, વંદે માતરમ્

## ફોટો ગેલેરી






# ૨૧.૬૬ લાખના ચણા અને એરંડાની ચોરી કરનાર માલેતુજાર વેપારીના પુત્ર સહીત ૬ શખ્સોને ટાઉન પોલીસે દબોચ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરના ગણેશપુ વિસ્તારમાં આવેલી જીઆઈડીસીમાં રામદેવ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં વેપારીએ સંગ્રહ કરેલ રૂ.૨૧.૬૬ લાખથી વધુના ચણા અને એરંડાનો જથ્થો ચોરાઈ જતા ભારે ચકચાર મચી હતી ગોડાઉનના માલિકે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ગોડાઉન માલિકે ચણા અને એરંડાની ચોરીમાં સંડોવાયેલ કેટલાક શકમંદ લોકોના નામ આપતા પોલીસે શકમંદ લોકોની પૂછપરછ હાથધરી હતી અને ગોડાઉનમાં ચોરી કરનાર અન્ય કોઈ નહિ પરંતુ બાજુમાં ઘઉંની મીલ ધરાવતો પવન અમુલભાઈ મહેશ્વરી અને તેના મળતિયાઓએ કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવતા ચોરીના ગુન્હામાં સંડોવયેલ પવન મહેશ્વરી સહિત ૬ શખ્સોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ રિમાન્ડ મેળવવા તજવીજ હાથધરી હતી

મોડાસા ટાઉન પીઆઈ એન.જી.ગોહીલ અને તેમની ટીમે જીઆઈડીસીમાં પ્લોટ.નં-૯૫ માં આવેલ રામદેવ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાંથી ૨૧.૬૬ લાખના ચણા અને એરંડાની ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખી ૬ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

જીઆઈડીસીમાં આવેલ રામદેવ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં વેપારી સિરાજઉદ્દીન અબ્દુલરહેમાન પટેલે ચણા અને એરંડાના ૭૦૦ કટ્ટાની ગોડાઉનની બાજુમાં આવેલ ઘઉંની મીલના માલિક પવન મહેશ્વરીએ તેની મીલમાં કામ કરતા માણસોની મદદથી રામદેવ ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનના પતરા ડ્રિલ મશીનથી ખોલી ચણા અને એરંડાની ચોરી કરી પરત પતરા ફિટ કરી દેતા હોવાથી ગોડાઉનના માલિકને શરૂઆતમાં જાણ થઈ ન હતી પરંતુ પવન મહેશ્વરીએ અને તેના મળતીયાઓએ પાડોશી ગોડાઉનમાંથી ચણા અને એરંડાની અધધ ૭૦૦ બોરી ચોરી કરતા ગોડાઉન ખાલી સિરાજઉદ્દીન પટેલ ચોકી ઉઠ્યા હતા આ અંગે ટાઉન પોલીસ સ્ટેશનમાં ૨૧.૬૬ લાખથી વધુની ચોરીની ફરિયાદ નોંધવાની સાથે શકમંદ તરીકે પવન મહેશ્વરી અને અન્ય શખ્સોના નામ આપતા ટાઉન પોલીસે પવન મહેશ્વરીની આગવી ઢબે પૂછપરછ કરતા પોપટની માફક ચોરી કરી હોવાનું કબૂલી લીધું હતું અને ચોરીનો માલ વેચી દીધો હોવાનું જણાવતા ટાઉન પોલીસ ચોરીનો માલ ખરીદી કરનાર શખ્સો અને ચોરીના ગુન્હામાં સંડોવાયેલ ૬ શખ્સોને ઝડપી પાડી ચણા અને એરંડાની ચોરીમાં ઉપયોગમાં લીધેલ છોટા હાથી અને ચણાની ૧૮૦ બોરી મળી કુલ.રૂ.૬૮૩૫૨૦/- નો મુદ્દામાલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

- ઘરફોડ ચોરી કરનાર અને માલની ખરીદી કરનાર આરોપી

૧)પવન અમુલભાઈ મહેશ્વરી (રાધાકુંજ સોસાયટી,મોડાસા)

૨)રજાક ઉસ્માનગની બાંડી (સુકુનપાર્ક સોસાયટી,મોડાસા)

૩)યુસુફ નાથાભાઈ બાંડી (જમાલવાવ,ઘાંચીવાડા,મોડાસા)

૪)લાલસિંહ વક્તુસિંહ ખાંટ ( બાજકોટ,મોડાસા)

૫)દિનેશ પ્રતાપભાઈ રાવળ (સર્વોદયનગર, મોડાસા)

૬) ભરત કાળાભાઈ રાવળ ( રાવળ ફળી, મોડાસા)

# રાજપીપલા ભૂગર્ભ ગટર યોજના ખોરંભે પડી

રાજપીપલા, તા,૨૭

રાજપીપલા નગરપાલિકા ભુગર્ભ ગટર યોજનાની કામગીરી ઝડપથી તથા ગુણવતાસભર થાય તે માટે.સાંસદ મનસુખ વસાવાએ મુખ્યમન્ત્રી ને પત્ર લખી ધ્યાન દોર્યું છે. પત્રમાં જણાવ્યું છે કે રાજપીપલા નગરપાલીકા ખાતે ભુગર્ભ ગટર યોજનાની કામગીરી હાલ અંત્યત મંદગતિએ ચાલી રહી છે. હાલ આ ભુગર્ભ ગટર યોજનાની કામગીરી હોળીના તહેવાર બાદ તદન બંધ છે, નગરમાં હાલ ઠેરઠેર માટીના ઢગલાઓ તથા ખોદકામ કરેલ ખાડાઓ હોવાના કારણે શહેરીજનોને અવર-જવર કરવામાં ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, રાજપીપલા નગરમાં અગાઉ પણ ભુગર્ભ ગટર યોજનાના કામના અમુક કોમ્પોનેટસની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી, તેમજ અગાઉના ફેઝની કામગીરીમાં ઈજારદાર અધરૂ કામ છોડીને જતા રહયા હતા, જેથી ભુગર્ભ ગટર યોજના કાર્યાન્વિત ન થઈ શકેલ હતી, જેના કારણે રાજપીપલા શહેરના નગરજનોને આ ભુગર્ભ ગટર યોજનાનો લાભ મળ્યા ન હતા. જેના કારણે આ વિસ્તારના લોકોમાં ખુબ જ રોષ તથા અસંતોષની લાગણી ઉદભવી રહી છે, તંત્ર દ્વારા એજેન્સી મે.એન.પી. પટેલ એડ કો.ઓ. અમદાવાદને વારંવાર આ કામ ઝડપભેર તેમજ ગુણવતાસભરનું થાય તે માટે વારંવાર સુચના આપવા છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી થઈ નથી. તેથીમુખ્ય મન્ત્રી લેખિત રજૂઆત કરતા જણાવ્યું છે કે આ વિગતોને ધ્યાને લઈ પ્રજાલક્ષી આ કામો ઝડપથી અને ગુણવતાસભર રીતે પૂર્ણ થાય અને રાજપીપલાના નગરજનોને સમયસર આ યોજનાનો લાભ મળે તે માટે યોગ્ય ઘટતુ કરવા સાંસદને મુખ્યમન્ત્રી લેખિત ફરિયાદ કરતા ભૂગર્ભ ગટર યોજનાનું ભૂત ફરીએકવાર ધુણવા લાગ્યું છે.

:જ્યોતિ જગતાપ, રાજપીપલા

# fight against COVID-19

France - 8 Oxygen Plants to India

Germany - 23 oxygen plants

UN - 11 oxygen plants

UK - Dispatch 9 Airline Loads of Essentials to India Will Start Arriving from Tuesday

Russia - Fly in Special Planes with Essentials to India

Saudi - sent the first consumption of 80 metric tonnes of oxygen to India,

& 5000 oxygen cylinders

Adani - Shipping it from Saudi

HongKong - 800 Oxygen Concentrators Airlifted from Hong Kong & 10000 More to be Airlifted in a Week

MHA Order :

No Industrial Use of #Oxygen

Maximize Production of Oxygen

All Existing Stock to be Converted into Medical Oxygen

All Industries Must Surrender Oxygen to Govt

As per the press release issued by the Prime Minister`s office, the PM CARES Fund has given in-principle approval for allocating funds to install 551 dedicated PSA Medical Oxygen Generation Plants across the nation

Chemicals and Fertilizers Minister Mansukh Mandaviya has said that 25 new manufacturing sites for Remdesivir's prod have been approved since 12th of this month. From 40lakhs vial pm to 90lakh vials pm

Indian Railways is working on a mission mode to deliver more than 140 MT Liquid Medical Oxygen in the next 24 hrs.

Indian Railways gears up to provide Covid Care Coaches to States in our fight against COVID-19.

Indian Railways : Presently, 3,816 Covid Care Coaches are available & are being deployed as per demand by State Governments

Government of India has directed all Major Ports to:

waive-off all charges for Ships carrying

Oxygen and oxygen related equipment cargo

highest priority to be accorded for berthing of such ships

80 crore poor to get food grain 5kg per person per month for next two Months

Private corporate like

Reliance ,Adani,Serum,Tata,Zydus,Cadila and many many more have joined hands (Bajaj - is missing )

Private Aircraft Spice Jet too flew in oxygen from Hongkong !

Navy & Airforce are deployed

DRDO is building makeshift hospitals

RSS is in full swing as always

Temples across nation ate helping in bed facility and food facility

And FINALLY after the global pressure- a mark of a successful diplomatic victory #US sanctions supply of Raw Material to India for vaccine production.

Indian did not succumb to global quest of US giant pfizer`s greed to enter Indian Markets !

Government and every common person is helping in against this fight and to win

Leftist liberals, Bollywood, mass media paid stooges each one is undermining these war footing efforts by Modi Government by flashing pictures which overwhelm us in believing we are loosing this battle and thus our faith in Modi.


Dont Panic. Stay indoors. Believe in India`s capacity to fight this and believe in Global Diplomacy of Modi government.

Dont fall for FALSE NARRATIVE for they- are not behind Modi they are behind Us- India.

# પતિની આર્થિક તંગીમાં પણ પ્રેમ જાળવો




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



પૈસો પરમેશ્વર છે; એ વાતને લોકો અનુસરે છે. મોટાભાગના ઘરોમાં હંમેશા આર્થિક તંગીના કારણે કલેહ અને કંકાસ થતો જોવા મળે છે. પૈસો ન હોવાના કારણે કે ઓછો હોવાના કારણે પતિ-પત્ની વચ્ચે હંમેશા ચડભડ થયા કરે છે. આ પ્રમાણે ક્યારેક આ ચર્ચાઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે સાચે જ તે ચિંતાનો વિષય બની જાય છે. પતિપત્ની વચ્ચે થતી તકરાર અને ઝઘડાની અસર બાળકોના કુમળા મન પર પડે છે. સાથે જ પતિ-પત્નીવચ્ચેનો પ્રેમ પણ ખોરંભે ચડી જાય છે. આર્થિક તંગીના કારણે બંને વચ્ચે પ્રેમ તો ઘટી જ જાય છે સાથે જ માનસિક તાણ પણ વધી જાય છે. માનસિક તાણ વધવાના કારણે તેની અસર સ્વાસ્થ્ય અને કામ ઉપર પણ પડે છે.આજે આ મોંઘવારીના સમયમાં આર્થિક તંગીનો સામનો ઘણા પરિવારો અને પતિ-પત્નીએ કરવો પડે છે. ઘણા પરિવારો પોતાની આંતરિક સૂઝબૂઝના કારણે પરિસ્થિતીને સાચવી લે છે. જ્યારે આના કારણે જ ઘણા કુટુંબો તૂટી પણ જાય છે. આર્થિત તંગી વધી જાય ત્યારે પત્નીએ પતિને પૂરેપૂરો સહકાર આપી પરિસ્થિતીને સમજીને સાચવી લેવું જોઈએ. પતિ પત્ની એક જ રથના પૈડા છે. તે બંનેના સમતોલનના કારણે જ જીવનનૈયા ચાલે છે, ત્યારે એક પૈડુ નમી પડે ત્યારે બીજા પૈડાએ તેને સાચવી લેવું તે ફરજ બની જાય છે.

સમય અને સંજોગો ગમે તેટલા વિપરીત હોય પણ તેની અસર તમારા સંબંધ પર ન થવી જોઈએ. પતિની આર્થિક પરિસ્થિતીમાં પણ તેને પ્રેમ આપીને તેને આર્થિક તંગીની માનસિક અસરથી દૂર રાખવાનો પ્રયત્ન કરો.

કુસુમ અને ભદ્રેશના લગ્નને દસ વર્ષ થયા છે. બે નાના બાળકો છે. ભદ્રેશને સરકારી નોકરી છે. કુસુમ એક વેપારી પરિવારની સુખ સાહ્યબીમાં ઉછરેલી યુવતી છે. બંને વચ્ચે રોજ ઝઘડા થાય છે અને આખી સોસાયટી સાંભળે છે. કુસુમને પૈસા ખર્ચ કરવામાં કંજૂસાઇ પસંદ નથી. તે સમજણપૂર્વક પૈસાનો ઉપયોગ કરતી નથી એટલે હંમેશા તેમના ઘરમાં પૈસાની અછત વર્તાય છે. ભદ્રેશ બાળકોના ભણતર અને ભવિષ્યને ધ્યાનમાં રાખી ખર્ચ કરવાનું સમજાવે છે, પણ તે કુસુમની દલીલોને પહોંચી શકતો નથી. રોજના ઝઘડાના કારણે ભદ્રેશને હાઈબ્લડપ્રેશર રહેવા લાગ્યું છે. કુસુમને સોસાયટીમાં કોઈના ઘરે નવું ફ્રીઝ, ટીવી કે કોઈ અન્ય વસ્તુ આવી હોય તો તેની ચર્ચાઓ વેગ પકડી લે છે. કુસુમ હંમેશા લોકો સમક્ષ પોતાની આર્થિક તંગીનું ગાણુ ગાતી રહે છે, જેના કારણે ભદ્રેશ હવે પાર્ટીઓમાં પણ એકલો જ જાય છે. બંને માને છે કે તેમની વચ્ચે હવે પ્રેમ સમાપ્ત થઈ ગયો છે.

કલ્પનાનો પતિ એક સામાન્ય હોદ્દા પર છે, તેમ છતાંય તેઓ સુખી છે. બે બાળકો અને સાસુ-સસરાની સાથે તેમના પરિવારને ક્યારેય આર્થિક તંગીની અસર થઈ નથી. તેનું કારણ કલ્પનાનું મેનેજમેન્ટ છે. તે પતિના ઓછા પગારમાંથી પણ સારી રીતે સંસાર ચલાવે છે. જ્યાં ચાલીને જવાનું હોય ત્યાં રીક્ષાના પૈસા ખર્ચ કરવાનું ટાળે છે. સામાન્ય પગારમાં ઘર કેવી રીતે ચલાવવું તે જાણે છે. તે ક્યારેય કોઈની સામે પોતાના પતિની ટીકા કરતી નથી કે આર્થિક તંગીનું ગાણુ ગાતી નથી. બંને પતિ પત્નીના ચહેરા પર હંમેશા પ્રેમ અને હાસ્ય છલકતું જોવા મળે છે. તેઓ પોતાની સોસાયટી માટે એક ઉત્તમ ઉદાહરણ રૂપ બની ગયા છે.

પરિવારમાં જ્યારે આર્થિક તંગી ઊભી થાય ત્યારે તેને તમામ રીતે સાચવી લેવાનું અને પરિસ્થિતીને સંભાળવાનું કામ પત્નીનું બની જાય છે. પતિની હતાશા અને નિરાશાને તેણે સમજીને તેને માનસિક ટેકો આપવો જોઈએ. તેની તૂટતી હિંમતને બંધવાનો પ્રયત્ન એક પત્ની જ કરી શકે છે. વિપરીત સંજોગો અને ઓછા પૈસામાં પણ એકબીજા પ્રત્યે પ્રેમ દાખવવો જોઈએ. જીંદગીમાં જ્યારે આર્થિક તંગી ઊભી થાય ત્યારે એક સમયે એકબીજા પર પ્રેમનો વરસાદ વરસાવનાર પતિ પત્નીના જીવનમાંથી પ્રેમ દૂર થઈ જાય છે. વાતાવરણ ગમે તેવું હોય પણ એકવાત ક્યારેય ન ભૂલવી કે તેઓ બંને એકબીજાનો સાથ ઝંખતા હોય છે. હવા થઈ ગયેલા રોમાન્સના કારણે એકબીજા પર આરોપ પ્રત્યારોપણ વધી જાય છે, જે થવા ન દેવું જોઈએ. પ્રેમને સ્થિર બનાવી રાખવાનું કામ પત્નીનું છે. તે ઘરની ધરી છે, તેણે આર્થિક અભાવ વચ્ચે પણ એકમેકના સંબંધને સદાબહાર મહેકતો રહે તેવી રીતે જાળવી રાખવાનો છે.

દરરોજ કોઈને કોઈ બહાને પતિ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરીને આઈ લવ યુ કહો. ખર્ચ કરવામાં કંજૂસાઈ કરો, પ્રેમ કરવામાં નહીં.

મોર્નિંગ ટી આપતા પહેલા ઉઠાડવા માટે પાણીનો છંટકાવ કરો અથવા સૂતેલા પતિના ચહેરા પર પાણીથી ચિત્રકામ કરો.

કોઈપણ પ્રસંગ વિના ગિફ્ટ આપો. પતિ પણ પોતાની પત્નીને બંગડી, ચાંદલાનું પેકેટ, હેરપીનનું પેકેટ લાવીને આપી શકે. મોંઘી ગિફ્ટ કરતા આ ગિફ્ટ આજીવન સંભારણુ બની જશે.

ક્યારેય કોઈ પણ પ્રસંગ વિના તૈયાર થઈને ફરવા જાઓ. લોન્ગ ડ્રાઈવ પર જઈ શકાય.

બંનેના શોખને વહેંચો અને બાળકો સાથે પણ તેનો આનંદ માણો. ક્યારેય કેરમ, પત્તા, શતરંજ જેવી રમતોને એન્જોય કરો.

ક્યારેક જમતી વખતે જોક સંભળાવો કે સુંદ પ્રસંગને શેર કરો, વાતાવરણને હળવું ખુશનુમા બનાવી રાખો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે.

વિષય : રામાયણ ના પાત્રો વિષયક રચનાઓ - .દિવસ - ૨

www.janfariyadnews.com
E m a i l : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No :: 0022
વિષય : રામાયણનાં પાત્રો
વિભાગ : ગદ્ય
પ્રકાર : લેખ
શીર્ષક : અતિમહારથી
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

પુરાણોમાં યોદ્ધાઓના પ્રકારો વર્ણવ્યાં છે. મહામહારથી, અતિમહારથી, મહારથી, અતિરથી અને રથી. મહામહારથી શ્રેણીમાં દેવો વિરાજમાન છે. અતિમહારથી શ્રેણીમાં શ્રીરામ, શ્રીકૃષ્ણ, હનુમાન, અર્જુન અને ઈન્દ્રજીત બિરાજે છે. આજનો લેખ અતિમહારથી રાવણપુત્ર ઈન્દ્રજીત ઉર્ફ મેઘનાદ વિશે છે.

રાવણ સ્વયં મહારથી હતો પણ ઈન્દ્રજીત અતિમહારથી હતો. અતિમહારથી એને કહેવાય જે એકસાથે ૧૨ મહારથી અથવા ૮૬,૪૦,૦૦૦ યોદ્ધાઓ સાથે એકસાથે યુદ્ધ કરી શકે. આપણને આંકડાં કદાચ અકલ્પનીય લાગી શકે પણ ઈન્દ્રજીત અજેય યોદ્ધા હતો તેમાં કોઈ બેમત નથી.

તેનાં જન્મ સમયે તે એવી રીતે રડ્યો હતો જાણે આકાશમાં ગાજવીજ થતી હોય, તેથી જ તેનું નામ મેઘનાદ પડ્યું હતું. તે ઉપરાંત તેણે દેવતાઓના રાજા ઈન્દ્રને હરાવ્યા હતાં અને તેમને પકડીને રાવણ સામે હાજર કર્યા હતાં. ઈન્દ્રને છોડાવવા ખુદ બ્રહ્માજીને આવવું પડ્યું હતું અને બ્રહ્માજીએ જ તેને ઈન્દ્રજીત એવું બિરુદ આપ્યું હતું.

રાવણ અને મંદોદરીના આ પુત્રને તંત્રમંત્ર અને માયાની બધી જ વિદ્યાઓ અવગત હતી. રામ અને રાવણના યુદ્ધમાં પણ તે પરાક્રમી સાબિત થયો હતો. યુદ્ધના પ્રથમ દિવસે જ તેણે અંગદને યુદ્ધભૂમિ છોડવા મજબૂર કર્યો હતો. તે ઉપરાંત રામ અને લક્ષ્મણને નાગપાશથી બાંધી દીધાં હતાં. ગરુડરાજે તેમને છોડાવ્યા હતા. બીજે દિવસે વાસવી શક્તિથી લક્ષ્મણને મૂર્છિત કર્યા હતાં અને હનુમાને દ્રોણગિરિ પર્વત લાવીને સંજીવની વનસ્પતિ દ્વારા ફરીથી જીવંત કર્યા હતા.

ત્રીજે દિવસે જ્યારે તેને જ્ઞાત થયું કે લક્ષ્મણ જીવંત છે એટલે તેણે ગુપ્તસ્થાનમાં પોતાનાં કુલદેવી માતા નિકુંભલાનો યજ્ઞ આદર્યો. જો તે યજ્ઞ પુર્ણ કરે તો તેને એવો રથ મળવાનો હતો, જેના ઉપર બેસીને તે યુદ્ધ કરે તો કોઈ તેને હરાવી ન શકે. પણ વિભિષણને આ જાણકારી મળતાં જ લક્ષ્મણ દ્વારા એ યજ્ઞ ભંગ કરાવ્યો અને લક્ષ્મણ દ્વારા જ યુદ્ધભૂમિમાં આ અતિમહારથીનો વધ થયો. જો તે યજ્ઞ સંપન્ન થયો હોત તો? આવાં ઘણાં પ્રશ્નો ઊઠતાં હોય છે પણ યુદ્ધમાં જો અને તો ને સ્થાન હોતું નથી. યુદ્ધમાં સત્ય અને ધર્મનો વિજય થતો હોય છે. તમારું તપોબળ, યુદ્ધકૌશલ્ય, જ્ઞાન ગમે તેટલું હોય પણ જો અધર્મના પક્ષે હો તો અંત નિશ્ચિત છે.

---

NOG SS No :.0050
વિષય - રામાયણનાં કોઈ પણ એક પાત્ર પર લેખ.
પ્રકાર - મૌલિક લેખ
શીર્ષક - રાવણ...!

રામાયણ એટલે રામ અયણ = રામની પ્રગતિ કે મુસાફરી.
૨૪૦૦૦ શ્લોકો.
ઐતિહાસિક ગ્રંથ દરેક પાત્રો આદર્શ છે.
રામાયણ ત્રેતાયુગમાં જન્મેલાં રામની જીવનકથા છે. આ જ સમય ગાળામાં લંકાનો રાજા રાવણ સમગ્ર પૃથ્વી પર શાસન કરતો હતો. એને એક અત્યાચારી રાજા તરીકે વર્ણવામાં આવેલો હતો .
ઘણું વિશેષ પાત્ર રાવણ લંકાનો રાજા દસ માથાંને લીધે ઓળખાતો હતો. જેના લીધે દશાનન ૧૦ મુખવાળો રાવણ અવગુણ કરતાં પણ અધિક. રાવણ ના? હોત તો રામાયણની રચના ના થઈ હોત . રામકથામાં રાવણનું પાત્ર રાવણનું ઉજ્જ્વળ ચરિત્ર નિખારવાનું કામ કરે છે. રાવણ શિવભક્ત હતો . તેનાં જેવો બીજો કોઈ નહી. વાલ્મિકી રામાયણ મુજબ મુનિ વિશ્વશ્રવાની બે પત્ની વરણિની એ કુબેર ને જન્મ આપ્યો . શોક્યનાં પુત્રનો જન્મ થયો અને ઈર્ષ્યામાં કૈકસીએ ગર્ભધારણમાં રાવણ અને કુંભકર્ણ ને જન્મ આપ્યો. શાપન કાળમાં થયો હતો.
આમ તો રાવણ મહાજ્ઞાની હતો. ત્રણ પ્રકારનાં ઐશ્વર્યો હતાં. લક્ષ્મી ,બુદ્ધિ અને બળ... સત્તાનાં મદમાં રાવણ ઉચ્છૃંખલ થઈ દેવતાઓ,
ૠષિઓ, ગાંધારોને કષ્ટ દેવા લાગ્યો. કુબેરને પણ હરાવ્યો અને પુષ્પક વિમાન ઝડપી લીધું .શરવણ નામનાં પ્રસિદ્ધ વિશાળ વનમાંથી પસાર થતાં શંકરનાં પાર્ષદ નંદીશ્વરે રોકતાં કહ્યું," ભગવાન શંકર ક્રીડા કરે છે. પ્રવેશ નિષેધ છે."નંદીશ્વર પર ક્રોધિત થતાં શંકર તરફ ચાલ્યાં જતા નંદી બીજા શિવજીની જેમ જ રોકાયાં ત્યારે રાવણે નંદીની મશ્કરી કરી, " મારા સમાન મુખની અવહેલના કરી તારાં કુળનો નાશ કરવા મારાં સમાન પરાક્રમી અને તેજસ્વી તેજથી સંપન્ન વાનરો તારાં કુળનો નાશ કરશે."
રાવણ માં રાક્ષસત્વ તો હતું પણ તેનો ગુણ અવગણી ન શકાય. બુદ્ધિમાન બ્રાહ્મણ, શંકર ભગવાનનો ભક્ત, મહાતેજસ્વી, પ્રતાપી ,પરાક્રમી ,રૂપવાન અને વિદ્વાન પણ હતો.
ચાર વેદોનો વિશ્વ વિખ્યાત જ્ઞાતા ને વિદ્વાન હતો. વાલ્મિકી રામાયણમાં હનુમાન રાવણને જોતાં જ રામ મુક્ત થઈ જાય છે. કહે છે રૂપ, સૌંદર્ય, કાંતિ સર્વ પોષણયુક્ત હોવાં છતાં અધર્મ બળવાન ન હોત તો દેવ લોકોનો સ્વામી બની જાત.
ઊંચાં આદર્શોવાળો, શિષ્ટાચાર, મર્યાદાઓ પણ હતી . રામનાં વિયોગમાં દુઃખી સીતાને કહેલું, "હે સીતે.. જો તું મારા પ્રતિ કામભાવ નથી રાખતી તો તને સ્પર્શ ન કરી શકું." શાસ્ત્ર પ્રમાણે વંધ્યા રજસ્વલા, અકામા, સ્ત્રીનો સ્પર્શ નિષેધ છે.અકામ સીતાને સ્પર્શ કરી મર્યાદાનું ઉલ્લંઘન ન કરતો. રાવણનો અહંકાર એનાં અવગુણ અવતરણો અને પતનનું કારણ જ હતું .
અહંકાર મુખ્ય અવગુણ હતો.
રાવણ બહારથી રામ સાથે શત્રુતા રાખવા છતાં હૃદયથી ભક્ત બતાવ્યો છે. રાવણનાં મન સ્વયં ભગવાને અવતાર લીધો છે .હું જઈને તેમની સાથે હઠપૂર્વક વેર કરીશ અને પ્રભુનાં બાળકો આગળ પ્રાણ છોડીશ. ભવબંધનથી મુક્ત થઈશ. આવો હતો રાવણ! માટે જ મને રાવણનું પાત્ર ગમે છે ..!
રા..વ...ણ..!
રાવણની જ્યારે અંતિમ ઘડી હતી, નીતિ,રાજકારણ ને શક્તિનો મહાન પૂજારી હતો. લક્ષ્મણ ને જ્ઞાન આપેલું.
જેને વર્ણવવું સહેલું પણ સમજવું અઘરું તે જ રાવણ. દશ માથાવાળો રાવણ કરતાં કળિયુગનો એક માથાવાળો રાવણ ક્રૂર અને નરભક્ષી છે.
રાવણે સીતાનું સતીત્વ જાળવ્યું, પણ આજનો માનવી દરેક નારીને હવસ સંતોષવાનું સાધન સમજીને બેઠો છે.

રાગીની શુક્લ" રાગ"
મુંબઈ, કાંદિવલી."

---

NOG SS No: 005
રામાયણનું પાત્ર
શબ્દો : ૩૦૦
શૂર્પણખા

મારાં મતે મહાકાવ્ય રામાયણની ઉત્પત્તિનું અને રામને ભગવાન તરીકે ઓળખાવનાર રામાયણનું સબળ પાત્ર એટલે શૂર્પણખા! રામાયણના ખલનાયક, લંકાના રાજા રાવણની બહેન.
શૂર્પણખા એ ઋષિ વિશ્રવા અને કૈકસીની પુત્રી. તેણે દાનવ રાજકુમાર વિદ્યુતજીહ્વા સાથે ગુપ્ત રીતે લગ્ન કર્યા એ રાવણને ન ગમ્યું એટલે રાવણ શૂર્પણખાને સજા આપવા માંગતો હતો. પરંતુ મંદોદરીએ રાવણને વાળ્યો.
હકીકતમાં તો વિદ્યુતજીહ્વાએ પણ રાવણનો વધ કરવા માટે જ શૂર્પણખા સાથે લગ્ન કર્યા હતાં. રાવણને તે ખબર પડી એટલે રાવણે પોતાના બનેવીની હત્યા કરી નાંખી. તેથી શૂર્પણખા દુઃખી થતી રાવણના કહ્યામાં આવી ગઈ.
વાલ્મીકિ રામાયણ અનુસાર, પંચવટીના જંગલમાં તેનો ભેટો અયોધ્યાના વનવાસ ભોગવતા રામ સાથે થયો. રામ પર તે મોહિત થઈ ગઈ. રામે નમ્રતાથી તેના પ્રસ્તાવને નકાર્યો, અને કહ્યું, "હું મારી પત્ની સીતાને સમર્પિત છું."
ત્યારબાદ, શૂર્પણખા લક્ષ્મણ પાસે ગઈ, તેમણે કઠોર જવાબ આપ્યો કે તે પત્નીમાં જે ગુણો ઇચ્છે છે તે તેનામાં નથી. આખરે જ્યારે શૂર્પણખાએ જોયું કે બન્ને ભાઈઓ તેની મજાક ઉડાવી રહ્યાં છે ત્યારે તેને અપમાન થતું લાગ્યું અને સીતા પર હુમલો કર્યો, પરંતુ લક્ષ્મણે હુમલાને નિષ્ફળ કરી દીધો. શૂર્પણખાનાં નાક અને કાન કાપી નાંખ્યાં.
શૂર્પણખા પહેલાં તેના ભાઈ ખર પાસે ગઈ, તેણે રામ પર હુમલો કર્યો. યુદ્ધમાં રામે બધાનો સંહાર કર્યો. ત્યારબાદ શૂર્પણખા રાવણ પાસે પહોંચી અને તેણે તેના અપમાનની વાત કરી.
સીતાની સુંદરતાની વાત શૂર્પણખાનાં મુખે સાંભળીને રાવણે સીતાનું અપહરણ કરવાનું નક્કી કર્યું. પોતાના ભાઈ, વિભીષણનો વિરોધ હોવા છતાં રાવણે સીતાનું અપહરણ કર્યું અને યુદ્ધની પરિસ્થિતિ સર્જાઈ.
રામાયણમાં શૂર્પણખાનો ઉલ્લેખ અહીં સુધી જ છે. એનો અર્થ કે યુદ્ધની ભૂમિકા બાંધવા માટે શૂર્પણખા જેવું સશક્ત પાત્ર રામાયણમાં બીજું કોઈ નથી.
કોઈ જગ્યાએ એવો ઉલ્લેખ પણ છે કે શૂર્પણખા પોતાનાં પતિના વધનો બદલો લેવા માંગતી હતી અને તેને આખા સંસારમાં રામ-લક્ષ્મણ જેવાં યોદ્ધા નજરે ન પડયાં. તેથી તેણે રાવણની કાનભંભેરણી કરી અને રામ-રાવણનું યુદ્ધ થયું.હંમેશા નીતિનો અનીતિ પર વિજય થાય છે. જગતનાં શ્રેષ્ઠ મહાકાવ્ય રામાયણનો બોધ શૂર્પણખાનું પાત્ર સરસ સમજાવી જાય છે.

વંદના વાણી

---

NOG SS NO- 0091
વિષય-રામાયણનું પાત્ર
શીર્ષકઃ સ્ત્રીનો પર્યાય સીતા
પ્રકારઃ ગદ્ય

વૈશાખ સુદ નવમીને સીતા નવમી કે જાનકી નવમી કહે છે. ધર્મગ્રંથો અનુસાર આ દિવસે માતા સીતાનું પ્રાગટ્ય થયું હતું. જનક રાજા સંતાન પ્રાપ્તિ માટે યજ્ઞ ભૂમિ તૈયાર કરતાં હતાં ત્યારે હાથી જમીન ખોદતાં પૃથ્વીમાંથી એક બાળકી જન્મી હતી. ખેડેલી જમીનને તથા હળની નોકને સીત કહે છે એટલે તેનું નામ સીતા પાડ્યું જે મોટી થતાં જનક રાજાની લાડલી જાનકી બની.
? રાજાનાં ઘરે જન્મેલી દીકરીને સાસરું પણ રાજકુટુંબ જ મળ્યું. જે ધનુષ્ય કોઈએ નહોતું તોડ્યું ત્યારે અયોધ્યાના રાજા શ્રી રામે એક હાથે ધનુષ્ય ઉઠાવીને પોતાની વીરતા બતાવી હતી. દીકરીને સારો વર અને સારું ઘર મળે એટલે બાપની અડધી ચિંતા પૂરી થાય છે. બધાં બહુ જ ખુશ હતાં, પરંતુ સીતાની કિસ્મતનું પાનું અહીંથી જ ફરે છે. કૈકેયીનાં માંગેલા વચન પ્રમાણે રામને ૧૪ વર્ષનો વનવાસ થાય છે અને અહીંથી જ સીતાની પરીક્ષા ચાલુ થાય છે. પિતાનાં ઘરે નોકર-ચાકર વચ્ચે મોટી થયેલી દીકરી રસોડામાં પગ મૂક્યો ન હોય એને આજે ચૂલો ફૂંકીને રાંધવું પડે છે. આવાં કપરાં સમયમાં પણ સીતા હસતાં મોંઢે પોતાની જવાબદારી નિભાવે છે. ઈશ્વર એટલાથી ખુશ નહિ હોય અને વધુ પરીક્ષા કરવા રાવણનાં હાથે તેનું હરણ કરાવે છે, પરંતુ ચારિત્ર્યવાન સીતા પોતાની શક્તિથી રાવણ સામે પણ લડી લે છે. પોતાના ચરિત્રને સુરક્ષિત રાખવા તેણે ઝાડ નીચે પોતાનો નિવાસ કરી ગરમી ઠંડી વરસાદ કોઈ પણ ઋતુની પરવા કર્યા વગર ઘણો લાંબો સમય પસાર કર્યો. તેની આ અદભુત શક્તિ જોઈને રાવણ પણ એકવાર નતમસ્તક બન્યો હતો. રાવણનો વધ કરી જ્યારે રામ સીતા અને લક્ષ્મણ અયોધ્યા પાછાં ફર્યા છે ત્યાં જ સીતાની પરીક્ષા હજુ બાકી હોય તેમ ત્યાંના લોકો તેના ચારિત્ર્ય પર શંકા કરવા લાગ્યાં. આ માટે સીતાએ અગ્નિ પરીક્ષા પણ આપી છતાં કહેવાય છે કે દુનિયાનાં ગળે ગરણા ન બંધાય. આવા વખતે શ્રીરામની પણ વિકટ પરિસ્થિતિ હતી. એક બાજુ રાજા તરીકે પ્રજાનું સાંભળવું અને બીજી બાજુ પત્ની પ્રત્યેનો વિશ્વાસ અને પ્રેમ. આ વખતે પણ ત્રાજવું પ્રજા તરફ જ નમ્યું અને સીતાનો દેશનિકાલ થયો અને એ વખતે સીતા ગર્ભવતી હતી. ઋષિનાં આશ્રમમાં રહી બે બાળકોને જન્મ આપ્યો જેનું નામ હતું લવ અને કુશ. બાળકો સાથે ખુશ થઈને સમય પસાર કરતી સીતાને હજુ પણ ઘણું સહન કરવાનું બાકી હશે કે અયોધ્યામાં લવ કુશ વિશેની માહિતી મળી કે સીતા એ બે દીકરાને જન્મ આપ્યો છે. હજુ ખુશીનું વાતાવરણ છવાયું જ હતું કે પ્રજામાંથી અવાજ આવ્યો કે આ બંને દીકરા રાજા રામનાં જ છે એ સાબિત કરવા
માટે સીતાએ શપથ વિધિ કરવી પડશે. આ વખતે સીતાની વેદના ચરમસીમાએ પહોંચી હતી. હવે તેનામાં પોતે ચારિત્ર્યવાન છે એ સાબિત કરવાની શક્તિ પણ નહોતી. સીતાએ ધરતીમાતાને વિનંતી કરી ધરતીમાંથી જન્મેલી સીતા ધરતીમાં જ સમાઈ જાય છે અને ત્યારે જ તેની પરીક્ષા પૂરી થાય છે.

વાચકમિત્રો

અને તેમાંય ખાસ કરીને દીકરીનાં માતા-પિતાને એટલું કહીશ કે દીકરી માટે જ્યારે પાત્ર શોધતાં હો ત્યારે અમીરીને નહિ પણ છોકરાની આવડતને મહત્વ આપો. ખરાબ પરિસ્થિતિ આવતાં પણ તેમાંથી રસ્તો શોધી લે એ જ સાચું પાત્ર કહેવાય. સીતાનાં પાત્ર પરથી જ આપણને ખ્યાલ આવી જાય છે કે દીકરીને ગમે તેવી રાજાસાહેબી જોઈને આપો પણ તેનાં નસીબ ઉલ્ટા હોય તો કરોડપતિ પણ રોડપતિ બની જાય છે એટલે પૈસા ને નહી પણ આવડત અને કુનેહને પ્રાધાન્ય આપો.

જીજ્ઞાસા યુ જોષી , "શુક"

NOG SS. 0098
प्रकार:- गद्य
विषय:- रामायण के पात्र।
शीर्षक:- राम।

रामायण के सभी पात्र मुख्य ही हैं। सभी पात्रों की अपनी अपनी भूमिकाएं थी और उसीके आधार पर लोगोंके अपने अपने मापदंड !ऐसे ही मैं जहां तक सोचती हूं या जानती हूं, उससे मुझे यही लगता है कि रामको अपनी सीता पर और सीता की पवित्रता पर पूर्ण विश्वास था। सीता को पहली रातमें ही यह वचन देना कि अब उनके जीवनमें किसी दूसरी नारीका कोई स्थान नहीं है, ये कथन सीताके प्रति राम के अटूट प्रेम को दर्शाता है। जब कि उस समय राजाओंकी एक से अधिक पत्नियां होती थीं।
खुद श्री रामके पिताजी दशरथजीकी तीन पत्नियां थीं। सीताजी को जब अग्निपरीक्षासे गुज़रना पड़ा, यहींसे कुछ अमूमन लोगों की धारणा में रामजी निष्ठुर पति कहलाए।
भला रामजी निष्ठुर कैसे हो सकते हैं?वह तो एक प्रेमी पति थे,जो सीताके हरण के बाद रावणको युद्ध में पराजित करके उन्हें वापस लाए थे। पिताकी
आज्ञाको मानकर महलके ऐशो आरामको त्याग कर चौदह वर्षका वनवास भोगकर आए थे। जिस सौतेली मां के कारण जंगलोंकी खाक छानी वापस आनेके पश्चात उदार हृदयसे उसी मांको क्षमा किया। इतना ही नहीं रामने पशुओं और मनुष्योंके बीच के मधुर संबंधोंको दुनियाको बताया। जंगलमें शबरी और केवट तथा अन्य आदिवासियोंके साथ प्रेमपूर्ण संबंध रखकर ऊंच नीचके भेदभावको दूर करते हुए,"हम सब एक हैं,"का संदेश दिया।
राम सीतापतिके साथ साथ अयोध्याके राजा भी थे और राजाका धर्म परिवारके धर्म से ऊपर होता है। यही हमारा सनातन धर्म है।
जय श्री राम।
लीना शर्मा
हालोल।
3:32 PM

## ગુજરાત સરકારની કામગીરી થી નામદાર હાઈકોર્ટ નારાજ છે?

માત્ર શબ્દો થી કામ કરતી સરકાર નું પાણી મપાઈ ગયું છે હોઠ સાજા તો ઉત્તર ઝાઝા વાળો ઘાટ થયો છે. નામદાર હાઈકોર્ટ સરકારની કામગીરીથી નારાજ છે ગુજરાતના પ્રશાસનિક ઈતિહાસમાં હાઈકોર્ટની નારાજગી આશ્ચર્યજનક બાબત છે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી જે રીતે રૂપાળી રૂપાળી વાતો કરે છે તેના માથે પાણી ફરીવર્યુ છે. આમ કેમ ? ગુજરાતના અને સરકારના સલાહકારો પ્રજાની ચિંતા કરવામાં ઊણા ઉર્તયા છે કેટલાક ખરડાયેલી ઈમેજવાળા ઉચ્ચ અધિકારીઓએ સરકારને ઉપયોગી થવાને બદલે વિવાદો ઉભા કર્યા છે. પોતાની અણઆવડત પ્રગટ થતાં ગફોલીઓ માં ! જ્યારે કુદરતી આપદા આવે ત્યારે વ્યક્તિ કે વિચાર કરતાં વ્યવસ્થા વધુ જવાબદાર હોય છે ! કોરોનાની બીજી લહેરમાં ગુજરાતનું વ્યવસ્થા તંત્ર ટીકા પાત્ર થયું છે. જેના કારણે છે જિલ્લા સ્તરે જે અધિકારીઓ કામ કરે છે તેમની પાસે પુરતો મેન પાવર નથી સરકારે કલેક્ટર ડી.ડી.ઓ ને સરકારી કાર્યક્રમો અને મીટીંગો માં બાંધી દીધા વળી છેલ્લા બે વર્ષથી ડી.ડી.ઓ કલેકટર બદલાયા નથી જિલ્લાઓમાં અધિક કલેક્ટરો પણ . એક ના એક સ્થળે કંટાળી ગયા છે ! ગાંધીનગરમાં સરકારને ખુશ રાખનારો એક વર્ગ છે જેનું કામ રાજકીય આગેવાનોને પ્રસન્ન રાખવાનું છે જેમણે વિલંબ નીતિ અને પ્રદેશ વાદને સાચવ્યો છે ઘણા જિલ્લાઓમાં એક અઠવાડીયું પણના ચાલે તેવા બબ્બે વર્ષથી ઘસરડા કરી રહ્યા છે જેમની અણ આવડતને કારણે સરકાર નિંદા પાત્ર થઈ રહી છે કારમી સ્થિતિમાં ખુશામદ નહી ખુમારી વાળુ તંત્ર પડકારો જીલી શકે ! જે વહીવટ માટે ગુજરાત વખણાતું હતું તેની આજે નિંદા થાય છે એટલું જ નહી આંતર રાષ્ટ્રીય મીડીઆ પણ હવે નિંદા કરે છે એક બાજુ તમે અમેરિકાને વેકસીન આપવાની વાત કરો છે.

અને અહી લોકો ગ્યાસના બાટલા શોધે છે આ ફાંકા ફોજદારી એ ગુજરાત જેવા સખાવતી રાજ્ય માટે દુ:ખદ છે. સરકારને મદદ કરવા ગામે ગામ સ્વૈચ્છિક સંસ્થાઓ સ્વખર્ચે મેદાનમાં આવી પરંતુ ઓક્સીજન ની વિતરણ વ્યવસ્થામાં કેટલાક કલેક્ટરો સફળ થયા નહી ! નવસારી મહેસાણા જામનગર સુરેન્દ્રનગર જિલ્લાઓમાં રાજકીય આગેવાનોને ઓકસીજન માટે બરાડા પાડવા પડ્યા છે કપરા સમયમાં ટીમ વર્ક ને બદલે વડોદરામાં સીવીલ સર્જન પ્રભારી સચિવ શ્રી વચ્ચે વિવાદ થયો ! ઘણી જગાએ તંત્ર ફેઈલ સાબીત થયું છે માટે હવે સરકાર ને સલાહ આપનારા પ્રદેશવાદમાંથી બહાર નીકળી પ્રજાનો વિશ્વાસ વધે તેવું કરે ગુજરાતી માં કહેવત છે કુવામા હોય તો હવાડામાં આવે કાબેલ અને શક્તિ શાળી અધિકારી ઓને મેદાને ઉતારો ગુજરાતના વહીવટી તંત્રએ ભૂકંપની આપદા માં થી પ્રજાને બચાવી છે પુર અને દુષ્કાળમાં તંત્ર કામિયાબ રહ્યું છે . કોરોનામાં સરકાર કૈલાસ પર્વત નો ભાર ઉપાડી શકી નથી ! હજુ પણ સમય છે પ્રજાને બચાવવાનો



The Core Committee Member Of IMPPA (Indian Motion Pictures Producers Association ) & Gujarati Active Producer Of Film Love Ni Bhavai & Many More....

Aarti Patel Is Appointed as Advisory Panel Member In C.B.F.C. ( Censor Bord Of Film Certification ) Congratulations...

Actor Chetan Dhanai ( Reva Fame ) Also Appointed As Same..

## કોરોના થતો અટકાવવા માસ્ક,અંતર અને સેનીટાઇઝેશન બહુ જ અગત્યના છે.

કામ પરથી કે બહારથી આવી બધા કપડા પાણીમાં બોળી દેવા. નાહી લેવાનું . Betadine 2% ના પાંચ ટીપા એક ગ્લાસ પાણીમાં નાંખી કોગળા કરવા. જો ગળામાં ખરરાટી બાઝતી હોય , અવાજ બેસી ગયો હોય, ગળું દુખતું હોય , નાક બંધ થાય અને પાછળથી ગળામાં કફ પડતો હોય અને ખેંચી ખેંચી કફ કાઢવો પડતો હોય તો Betadine 2% ના કોગળા દિવસમાં ત્રણ વાર કરવા.

કોગળા કર્યા બાદ અડધો કલાક પછી વરાળનો નાસ લેવો. મ્હોંથી શ્વાસ લઈ નાકથી બહાર કાઢવો કારણકે કોરોના વાયરસ સાયનસમાં ભરાય છે. પછી નીચે ફેફસા તરફ જાય છે.

મીઠું હળદર નવશેકા પાણીમાં નાંખીને પણ કોગળા થાય . રાત્રે હળદરવાળુ દુધ પીવું .

પ્રાણાયમ , યોગાસન , ઘરનું રાંધેલા અન્નનો આહાર , વિહાર ભોગમાં સયંમ બહુ મદદ કરે છે.

વહેલા સૂઈ વહેલા ઉઠવું . સવારે આઠ નવ વાગ્યે કામે ચઢી સાંજે પાંચેક વાગે ઘરે આવવું . શનિ રવિ રજા રાખવી . સવારે ચારથી બપોરના ત્રણ સુધી જીવનરસાયણ Steroid ( સ્ટીરોઈડ ) લોહીમાં બહુ પ્રમાણમાં હોય. એ તાજગી, ઉત્સાહ અને કાર્યક્ષમતા વધારે છે. ત્રણ પછી ઘટે. વહેલા નવ દશ વાગે સૂઈએ તો પરોઢિયે સ્ટીરોઈડ પુષ્કળ હોય એનો લાભ મળે. ઝાઝામાં થોડું : " પરમ તત્વના લયમાં તદ્રૂપ મદ્રુપ થવા ધ્યાન મહામાર્ગ છે. આ ધ્યાન તણાવમૂક્ત કરશે. "

ડો અનિલ રાવલ

## નવી ઈસરી ગામે ઘર આગળ સૂતી વૃદ્ધ મહિલાની ઘાતકી હત્યા થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નવી ઈસરી ગામે તારીખ તેવીસમી ની માંડી રાત્રે કોઈ અજાણ્યા શખ્સોએ ઘરની બહાર સૂતેલા પાંસઠ વર્ષની એક વૃદ્ધ માતાનું તીક્ષ્ણ હથિયાર મારતા આ વૃધ્ધમાતાનુ સારવાર દરમિયાન મોત નીપજતાં તેમના પરિવાર દ્વારા ઈસરી પોલીસ ને જાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સની વિરુદ્ધ માં ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મેઘરજ તાલુકાના નવી ઈસરી ખાતે મણીબેન ડામોર નામના વૃધ્ધા આંગણામાં સૂતા હતા ત્યારે માંડી સાંજે કોઈ ઈસમોઓ માથાના ભાગે તીક્ષ્ણ હથિયારના ના ઝાપટાંથી મા મારતા આ વૃદ્ધ માતા લોહીલુહાણ હાલતમાં પડી ગયા હતા. રાત્રે તેમના પુત્ર જાગતા આ બીના જોઈને માતાને તાત્કાલિક દવાખાને લ?ઈ જવાયા હતા.અને બે દિવસ બાદ તેમનું મોત થયું હતું આ અંગેની ફરીયાદ તેમના પુત્રએ ઈસરી પોલીસ સ્ટેશન માં નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સની વિરુદ્ધ માં ફરીયાદ નોંધી હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## અક્ષર આદરાજલી પદમ શ્રી... ભક્તકવિ દાદબાપુ ને!!!

પ...પરમ આદરણીય પ્રેમાળ પાગલ- પ્રેમી પ્રિયંવર હતા,
દ... દર્દ ને જાણી કવિતામાં, રૂપાંતરીત કેવી કરતા હતા .
મ...મમતાળુ માનવીજે,ચારણ કુળના પ્રખર દીપક હતા,
શ્રી...શ્રી આઇ યુના હિમાયતી ને ચરજુના રચયીતા હતા.
ક...કરમઠ,કુશળ, કવિત્વ, કર્મયોગી કાર્યરત રત્ન હતા ,
વિ...વિશ્વાસ વિશ્વનો શ્વાસછે,તેવા પરમ યોગીજન હતા.
દા...દાદલ ને અડાભીડ ભવનાથ ના આશિર્વાદ હતા ,
દ... દર્દને પીજઈને કરૂણ- શૌર્યરસનાકવિ નિર્વિવાદહતા.
બા..બાળવયે૧૦વર્ષથી કવિતાનું ગુથણ મોં શીર મોરહતા,
પુ... પુણ્યાત્માએવોકે૮૧વર્ષ સાહિત્યનું જતનકરી રહયા,
ને... નેકવિ-કલાકારો માં પ્રિય ને મરતાં સુધી અવલ રહ્યા.
શ..શબ્દના કામણગારી કશબી,દર્દનોઅહેસાસકરાવીગયા
ત..તત્વ મસીવિરપુરુષ અંતસુધી ભવનાથ ભજતાગયા.
શ...શરમ કોઈની ન રાખતા,ને ! વકતા પણ ઉમદા રહ્યા ,
ત...તત્વ પરમ પિછાણી,અનુભવો, કાગળમાં ટાંકતા રહ્યા.
વં...વંદન ચારણ કુળને !, જ્યાં અનમોલ રતન પાક્યાહતા.
દ... દર્દ સહન કરવાનીશકતિ બક્ષે,મા સોનલનેપ્રાર્થતાહતા
ન..નમન બારોટ હસુ ગોવિંદ કરે,કવિ દાદતો દાદ હતા.
ભક્તકવિ:-બારોટ હસુ ગોવિંદ પાલનપુરી.

## ૪૫ વર્ષથી વધુ વયના ૬.૯૯ લાખ લોકોને રસી આપી સુરક્ષા પ્રદાન કરાઇ

# બનાસકાંઠા જિલ્લામાં ૧ લી મે-૨૦૨૧થી ૧૮ વર્ષ ઉપરના ૬.૯૪ લાખ નાગરિકોને કોરોના પ્રતિરોધક રસી આપવાનું શરૂ કરાશે

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોવિડ-૧૯ કોરોના વાયરસની બીજી લહેરમાં સમગ્ર દેશ સહિત ગુજરાતમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે કોરોના સંક્રમણ અટકાવવા માટે કોરોના પ્રતિરોધક રસીકરણ જ અકસીર ઈલાજ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વડપણવાળી રાજ્ય સરકારના દિશાનિર્દેશો અનુસાર કોરોના સંક્રમણ અટકાવવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુધ્ધના ધોરણે વ્યાપક કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં કોરોના સંક્રમણ રોકવા માટે ટેસ્ટીંગથી લઇ રસીકરણ સહિતની સઘન કામગીરી હાથ ધરાઇ છે. લોકો કોરોના પ્રતિરોધક રસી મુકાવી પોતાની અને પરિવારજનોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકે તે માટે બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની સુચના અને માર્ગદર્શન પ્રમાણે આગામી તા. ૧ લી મે- ૨૦૨૧ થી ૧૮ વર્ષ ઉપરના તમામ નાગરિકોને વિનામૂલ્યે કોરોના પ્રતિરોધક રસી આપવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવશે. આ રસીકરણ અભિયાનમાં બનાસકાંઠા જિલ્લામાં પુરૂષ- ૮,૫૮,૮૯૭ અને સ્ત્રી- ૮,૩૬,૨૨૮ એમ મળી કુલ- ૧૬,૯૪,૧૨૫ નાગરિકોને રસીકરણમાં આવરી લેવાશે.



આ રસીકરણ મહાઅભિયાન વિશે માહિતી આપતાં બનાસકાંઠાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જિગ્નેશ હરીયાણીએ જણાવ્યું કે, જિલ્લાના ૨૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૨૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩ સબ ડિસ્ટ્રીકટર હોસ્પીટલોનો સમાવિષ્ટ કરતી ૫૦૦ જેટલી વેક્શિન સાઇટ ઉપર દરરોજના સરેરાશ ૫૦,૦૦૦ લોકોને રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે અને ૩૪ દિવસ સુધીમાં ૧૮ થી ૪૫ વર્ષના વય જૂથના લોકોનું રસીકરણ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન બનાસકાંઠા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૬ થી ૬૦ વર્ષ સુધીની ઉંમરવાળા કુલ- ૬,૬૯,૩૧૧ લોકોને કોરોના પ્રતિરોધક રસી આપી કોરોના સામે સુરક્ષા પ્રદાન કરવામાં આવી છે. લોકો રસી અંગે કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વિના રસી મુકાવવા આગળ આવે તેવી તેમણે અપીલ કરી છે.

કોરોના વેક્શિનેશન અંગે કલેકટરશ્રી આનંદ પટેલે બનાસવાસીઓને અપીલ કરતાં જણાવ્યું કે, કોરોનાને નાબૂદ કરવા માટે દરેક નાગરિકે પોતાની ફરજ સમજી રસી અવશ્ય મુકાવવી જોઈએ. તેમણે કહ્યું કે, કોરોનાની રસી આપણા દેશમાં બનેલી સ્વદેશી રસી છે. આ રસીની કોઈપણ પ્રકારની આડઅસર પણ થતી નથી. કોઈની ખોટી વાતો કે અફવાઓમાં આવ્યા સિવાય સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કોરોનાની રસી અવશ્ય મુકાવીએ. તેમણે કહ્યું કે, કોરોના પ્રતિરોધક રસી મુકાવી આપણે પોતે, પરિવાર, સમાજને નિરોગી, સુખી અને સમૃધ્ધ બનાવીએ તથા તંદુરસ્ત અને શક્તિશાળી રાષ્ટ્ર નિર્માણના યશભાગી બનીએ.

# અમેરીકાના કેલિફોર્નિયાના ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલના મિત્રો એ ગુજરાતી સમાચાર પત્રોના પ્રતિનિધિનું સન્માન કર્યું

ગુજરાત દર્પણના બે એરીયાના પ્રતિનિધિ, પત્રકાર તેમજ ગુજરાતી સમાજના અગ્રગણ્ય શ્રી સી.બી.પટેલ તાજેતરમાં સર્ધન કેલિફોર્નિયાની મુલાકાતે આવેલ. સદર તકને ઝડપી લઈને ‘ ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ ‘ ( GSFC ) ના સંચાલક મંડળે સ્નેહ મિલન યોજ્યું હતું. વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને આર્ટિશીયા ખાતેના ‘ હુલીયો પીઝા ‘ માં સૌ મળ્યા હતા.

સર્કલના અગ્રણી શ્રી ગુણવંતભાઈ એ સૌને આવકાર આપ્યો હતો , તેમજ શ્રી મહેન્દ્રપુરી ગોસ્વામી એ શ્રી સી.બી. પટેલ નો પરીચય કરાવ્યો.. જ્યારે શ્રી કાન્તિભાઈ મિસ્ત્રી ( પ્રેસ ફોટોગ્રાફર ) એ તેમની સમાજ માટે સમર્પિત ભાવનાને બિરદાવી.





સંસ્થાના શ્રી જીતુભાઈ પટેલ તથા શ્રી જગદીશભાઈ પટેલ દ્વારા ગુજરાતી સમાજના તથા સિનિયર્સના વિવિધ પ્રશ્નોની છણાવટ સાથે સહકાર કેળવાય તે માટેના મંતવ્યોનો વિચાર વિનિમય કર્યો. આ પ્રસંગે શ્રી યશવંતભાઈ શાહે પણ તેમનો અભિપ્રાય વ્યક્ત કર્યો. આ પ્રસંગે ખાસ હાજર એવા શ્રીમતિ શુશીલાબેન પટેલ ને ‘ રસોઈ તથા અયુર્વેદિક ઉપચારને લગતું સુંદર પુસ્તક સંસ્થા વતી ભેટ આપ્યું હતું.

ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલના કાર્યકર્તા તથા ગુજરાત દર્પણના કેલિફોર્નિયાના પ્રતિનિધી શ્રી હર્ષદરાય શાહે પણ ભાગ લીધો હતો.સર્કલ નાં ‘ ઝુમ મીટ ‘ ના કાર્યક્રમોને બીરદાવ્યા હતાં, આમ વિવિધ સંસ્થાઓ સાથેના આ ઉમદા કાર્ય તથા આદાન- પ્રદાન દ્વારા સહયોગ કેળવવા અપીલ કરી હતી.

આ પ્રસંગે મહિલા પ્રતિનિધી શ્રીમતિ તારાબેન પટેલ,ચંદ્રીકાબેન મિસ્ત્રી, ભારતીબેન પટેલ, ગીતાબેન પટેલ, શુશીલાબેન પટેલ,લીલાબેન ગોસ્વામી વગેરેએ પણ તેઓના મંતવ્યો વ્યક્ત કર્યા હતા, પ્રિતિભોજ બાદ શ્રી કાન્તિભાઈ મિસ્ત્રીએ સહયોગ બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો.

# નર્મદા કલેક્ટરે રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલ સંકુલની લીધેલી મુલાકાત

## નર્મદા કલેક્ટરે PPE કીટ પહેરીને રાજપીપલાની કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળના દરદીઓના પૂછ્યાં ખબરઅંતર

રાજપીપલા,તા ૨૭

નર્મદા જિલ્લા કલેક્ટર ડી.એ.શાહે આજે રાજપીપલા આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત જિલ્લાની કોવિડ-૧૯ હોસ્પિટલની લીધેલી મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર શાહે PPE કીટ પહેરીને હોસ્પિટલમાં આઈસીયુ વોર્ડ, આઈસોલેશન વોર્ડ અને જનરલ વોર્ડમાં સારવાર હેઠળના કોરોનાના પોઝિટીવ દરદીઓની મુલાકાત લઈ તેમના ખબરઅંતર પૂછ્યાં હતાં અને તેમને મળતી સારવાર અને સુવિધાઓ અંગેની જાણકારી મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો.



જિલ્લા કલેક્ટર ડી.એ.શાહે કોવિડ-૧૯ હોસ્પિટલની લીધેલી મુલાકાત બાદ જણાવ્યું હતું કે, રાજપીપલા કોવિડ હોસ્પિટલ ખાતે આપણી પાસે ૧૦૦ બેડ હતાં, તેમાંથી ૯૨ જનરલ અને 8-ICU વેન્ટીલેટર ફેસીલીટીવાળા એટલે કે ઓક્સીજન ફેસીલીટીવાળા બેડ હતાં, જે વધતાં જતાં કોરોના સંક્રમણને ધ્યાને રાખીને રાજ્ય સરકાર-આરોગ્ય વિભાગની સૂચના અને જિલ્લા પ્રભારી સચિવશની સતત સૂચના અને સુપરવિઝન-મોનીટરીંગના ભાગરૂપે લેવાયેલા સ્ટેટેજીક નિર્ણય પૈકી તાત્કાલિક અસરથી ઓક્સિજનની નવી ૩ અલગ અલગ લાઈનો ઈન્સ્ટોલ કરવામાં આવી છે, ICU માટે, જનરલ વોર્ડ માટે, વેન્ટીલેટર માટે અને ઓક્સિજન બેડ માટે અલગ અલગ લાઈનો ઈન્સ્ટોલ કરાઈ છે, તેના કારણે ઓક્સિજનવાળા-૦૮ બેડની સંખ્યા હવે ૮૨ બેડ કરી દીધી છે. અગાઉ ૮ જ બેડ ઓક્સિજનવાળા હતા એટલે આપણી પાસે ૯૦ ઓક્સિજન સિલીન્ડર હતાં, તેમાં પણ રાજ્ય સરકાર-આરોગ્ય વિભાગ અને જિલ્લા પ્રભારી સચિવશની મદદથી તાત્કાલિક નવા ઓક્સિજન સિલીન્ડર ખરીદવામાં આવ્યાં છે, એટલું જ નહીં તેની સાથોસાથ ૧ હજાર લીટરની એક એવી બે અને ૨૦૦ લીટરવાળી બે ટેક્ર લિક્વીડ નાઈટ્રોજનની આપણે ઓક્સિજન ટેક્ર ખરીદ કરવામાં આવી છે. આ ટેક્રમાં લિક્વીડ ઓક્સિજન હોય છે, જે સિલીન્ડર હોય છે, આ બન્નેની ભરવાની પણ વ્યવસ્થા કરી છે. રાજય સરકારનો સ્ટેટ કંટ્રોલરૂમ છે તેમના તરફથી નર્મદા જિલ્લાને ૨૪૮૭ સતત મદદ મળી રહી છે. અને તેના કારણે અલગ અલગ મેન્યુફેકચરર્સ પાસેથી સરળતાથી ટેક્ર અને સિલીન્ડર બંને ભરી શકીએ છીએ, જિલ્લા કલેકટરે તેમની કોવિડ-૧૯ હોસ્પિટલ સંકુલની આ મુલાકાત દરમિયાન હાઉસ કિપીંગ, સિકયુરીટી, પીવાના પાણી, બે ટાઈમ ચા-નાસ્તો, લંચ-ડીનરની વ્યવસ્થા અને દવાનો પૂરતો જથ્થો માસ્ક, સેનેટાઈઝેશન વગેરેની જાણકારી પણ મેળવી હતી.

તસવીર : જયોતિ જગતાપ, રાજપીપલા

## ખાનગી કોવીડ-૧૯ હોસ્પિટલના તબીબો લાચાર

# અરવલ્લી : ઓક્સીજન,રેમડેસીવીર,ફેબીફલુ માટે કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનોની રઝળપાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના મહામારીના અજગરી ભરડામાં ઓક્સીજનની વારંવાર સર્જાતી તંગી અને આરોગ્ય સુવિધાનો અભાવ હોવાથી લોકોમાં ભારે ડરનો માહોલ જોવા મળી રહ્યો છે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાની ખાનગી કોવીડ હોસ્પિટલોમાં ઓક્સીજન પૂરતો ન પહોંચતો ન હોવાથી તબીબો થાકી ગયા છે જિલ્લામાં અપૂરતી વ્યવસ્થાના લીધે રેમડેસિવિર ઈન્જેકશન, ઓક્સિજન, બાદ ફેબીફ્લુ ટેબલેટ ખૂટી પડતા કોરોનાના દર્દીઓ રામભરોસે મૂકાઈ ગયા છે. વહીવટીતંત્ર દ્વારા તાકીદે યોગ્ય વ્યવસ્થા નહીં કરાય તો કોરોનાના લીધે મોતનું તાંડવ સર્જાવાની દહેશત નાગરિકો સેવી રહ્યા છે.

કોરોનાની બીજી લહેરમાં દર્દીમાં ઓક્સીજનનું પ્રમાણ એકદમ ઘટી જાય છે. જેથી હોમ હાઈસોલેશનમાં સારવાર કરતા દર્દીઓને અચાનક ઓક્સીજનની જરૂર પડે છે. જ્યારે બેડ તો મળતા નથી અને ઓક્સીજન મેળવવામાં પણ અનેક કલાકો પ્લાન્ટ આગળ ઉભા રહે છે. તેમ છતાં નંબર આવશે તે નક્કી હોતું નથી આથી દર્દીઓ વધુને વધુ ગંભીર હાલતમાં સપડાય છે.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ઓક્સીજનની મળે તે ભગવાન મળ્યા બરોબર પરિસ્થિતિ બની છે. કોરોનાની બીજી લહેર ભયાવહ સ્વરૂપ ધારણ કર્યું છે ત્યારે સરકારી દવાખાનાઓમાં દર્દીઓનો ભરાવો થતા ઠેર ઠેર ઓક્સિજનની કટોકટી સર્જાવા લાગી છે. જિલ્લામાં અપૂરતી વ્યવસ્થાના લીધે રેમડેસિવિર ઈન્જેકશન, ઓક્સિજન, ઓક્સિજન બાદ ફેબીફ્લુ ટેબલેટ ખૂટી પડતા કોરોનાના દર્દીઓ રામભરોસે મૂકાઈ ગયા છે. વહીવટીતંત્ર દ્વારા તાકીદે યોગ્ય વ્યવસ્થા નહીં કરાય તો કોરોનાના લીધે મોતનું તાંડવ સર્જાવાની દહેશત નાગરિકો સેવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેરમાં પોઝિટિવ કેસોનો રાફડો ફાટતા તંત્ર પૂરતી વ્યવસ્થા કરવામાં નિષ્ફળ પુરવાર થયું હોય તેમ કોવિડ હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેકશનો ખૂટી પડવાથી કોવિડ દર્દીઓ ટપોટપ મોતને ભેટી રહ્યા છે જીલ્લામાં વિકટ પરિસ્થિતિ ઊભી થતા લોકોના જીવ પડીકે બંધાઈ ગયા છે. જીલ્લામાં રેમડેસિવિર ઈન્જેકશન, ઓક્સિજન બાદ ફેફસાની સારવાર માટે લેવાતી ફેબીફ્લુની ટેબલેટો પણ ખૂટી પડતા કોવિડ દર્દીઓ રામભરોસે મૂકાઈ ગયા છે









**આજરોજ સુરતના હજીરા ખાતે આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ લિ. દ્વારા રાજ્ય સરકાર અને સુરત જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પ્રથમ તબક્કામાં ૨૫૦ બેડની કોવિડ ૧૯ હોસ્પિટલનું માત્ર ૭૨ કલાકમાં નિર્માણ કરવામાં આવ્યું.જેને આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી જેના કારણે અને આર્સેલર મિત્તાલના એક્ઝિક્યુટિવ ચેરમેનશ્રી લક્ષ્મી મિત્તલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં તથા ભાજપ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ જી ગુજરાતસરકારના રાજયકક્ષાના આરોગ્યમંત્રીશ્રી કુમાર કાનાણી, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેનપટેલ, ઉપસ્થિતિમાં કોવિડ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી.**

# અરવલ્લીમાં કોવીડ-૧૯માં કાનૂની સહાય તથા માર્ગદર્શન માટે ફોન નંબર જાહરે કરાયા

રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદની સુચના અને માર્ગદર્શન મુજબ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, અનુસાર અરવલ્લીના ચેરમેન એચ સી.વોરા તરફથી અરવલ્લી જિલ્લામાં રહેતા કોઈપણ વ્યક્તિને માલની બીજા તબકકાની કોવિડ-૧૯ ની પરિસ્થિતીમાં કોઈપણ પ્રકારની કાનુની સહાય અને સલાહની જરૂર જણાય તો અત્રેની કચેરીનો ફોન નં. (૦૨૭૭૪ ) ૨૫૦૦૯૭ ( સમય સવારે ૧૦:૩૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી ) કામકાજના દિવસોમાં અને અત્રેની કચેરીના ઈ મેઈલ : dlsaarvalli@gmail.com ઉપર સંપર્ક કરવો તથા મફત કાનુની સહાય અને સલાહ માટેના ટોલ ફ્રી નં ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો. હાલની કોવિડ-૧૯ ની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી નેશનલ લીગલ સર્વીસ ઓર્થોરીટી, ન્યુ દિલ્હીની સુચના મુજબ તમામ કાર્યવાહી વર્ચ્યુઅલ/ઓનલાઈન તત્કાલ કરવા માટે તમામ અરવલ્લી જિલ્લાની કોર્ટો માં લીગલ પેનલ એડવોકેટે સહાય રૂપ થશે.





# જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે ધન્વન્તરિ કોવિડ હોસ્પિટલ દર્દીઓની સેવામાં કાર્યરત



અત્યારે સમસ્ત દુનિયામાં કોરોના મહામારીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે ઈલાજની આશાએ આવેલા દર્દીને બચાવવા અને કોરોનાનાને રોકવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે..

ડી.આર.ડી.ઓ અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી અમદાવાદ જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે યુદ્ધના ધોરણે ૯૫૦ બેડ ધરાવતી કોવિડ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માએ જણાવ્યું હતું કે, અહી આવતા દર્દીઓને સત્વરે સારવાર શરૂ થઈ જાય તે પ્રકારની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.આ ઉપરાંત કોવીડ દર્દીઓને જરુરી એવા તમામ ટેસ્ટ પણ અહી જ કરવામાં આવે છે. આ કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા કોરોનાગ્રસ્ત દર્દીઓને આગમન સમયે દૈનિક જીવન-જરૂરી કીટ પણ આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ કન્વીનીયન્સ કિટમાં પાણીની ત્રણ બોટલ, ગ્લુકોઝ બિસ્કીટના ચાર પેકેટ, ટીશ્યુ પેપર, ટૂથ બ્રસ, સેનીટાઈઝર, શેમ્પુ અને ન્હાવાના સાબુ, ઓડોમોસ ક્રિમ,નારિયેળનું તેલ,કાંસકો, મુખવાસ, ઈલાયચી અને લવિંગ જેવી દૈનિક જરૂરિયાત ધરાવતી વસ્તુઓનો સમાવેશ થાય છે. ધન્વન્તરિ કોવિડ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓએ સારવારની સાથે સાથે અપાતી દૈનિક જીવન જરૂયિાતની કિટમાં સમાવિષ્ટ વસ્તુઓને અતિ ઉપયોગી ગણાવી હતી.

# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસમાં ૮,૯૬,૬૦૮ વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ

ગાંધીનગર:

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારના રહીશોને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. છેલ્લા દશ દિવસમાં ૮, ૯૬, ૬૦૮ વ્યક્તિઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ૨૪,૯૯૪ વ્યક્તિઓને સંશમવટીનું અને ૫૨,૩૫૫ વ્યક્તિઓને આર્સેનિક આલ્બમ દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. શ્રીમતી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, છેલ્લા થોડાક સમયથી ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોનાથી સંક્રમિત થનાર વ્યક્તિઓ વધતા જાય છે. કોરોનાને નાથવા માટે વ્યક્તિની આંતરિક રોગ પ્રતિકારક શક્તિ વધારે હોવી ખૂબ જરૂરી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરીજનોની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી શકે તેવા આયુર્વેદ ઉકાળા ગામે ગામ અને નગરજનોને મળી રહે અને તેમની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ કચેરી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે, છેલ્લા ૧૦ દિવસમાં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકાના ૪૬, માણસા તાલુકાના ૧૮, દહેગામ તાલુકાના ૫ અને કલોલ તાલુકાના ૧૧ ગામોમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા દશ દિવસમાં ગાંધીનગર તાલુકાના ૬,૨૩,૨૩૫ વ્યક્તિઓ, દહેગામ તાલુકામાં ૨૪,૮૪૮ વ્યક્તિઓ, કલોલ તાલુકામાં ૮૪,૪૪૬ અને માણસા તાલુકામાં ૧,૬૪,૦૭૯ વ્યક્તિઓને ઉકાળાનો લાભ લીધો છે.

તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સેકટર – ૧, ૨/બી, ૩,૭, ૮, ૧૩/બી, ૧૪, ૧૫, ૧૭, ૨૧, ૨૮,૨૯, ફતેહપુરઅને પેથાપુરના વિવિધ વિસ્તારમાં આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.